કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ



૫૦

સુવર્ણ જયંતિ વર્ષ


તંત્રી :

વિરેન શાં. ધોળકિયા

લવાજમ :

વાર્ષિક રૂા. ૧૫૦/-

વર્ષ :

ઓગષ્ટ થી જુલાઈ


# સમજીએં



ભીનાં -ભીનાં-

સપનાની સૂકી હકીકતમાં-

ચાલો, આપણે આજ ખોવાઇએં...

સુવાળાં -સુવાળાં -

પુષ્પો કરમાઈ જશે ઉપવનમાં-

ભીની તે હકીકતને આજ પરખીએં...

જંગ -જંગ-

છે, આ ક્ષણભંગૂર જીવનમાં-

બની વિશ્વાસે દ્રઢ, આજ લડીએં...

દર્પણ -દર્પણ-

ખુલ્લો છે આપણા અંતરમાં-

રાખવું પ્રતિબિંબ સમજીએં.



– જસ્મીનભાઈ દેસાઈ 'દર્પણ', રાજકોટ


વર્ષ ૫૦ અંક : ૧૦

મે – ૨૦૧૪

બરછી કાર્યાલય, C/o. ફાઇન આર્ટ પ્રિન્ટર્સ,
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કુલ બિલ્ડીંગ, રાજકોટ - ૧.

ફોન : ૦૨૮૧ - ૨૪૫૩૦૬૩ મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫ Email : barchhi@rediffmail.com Web : www.barchhi.com

## દેસાઈ પરિવાર દ્વારા પૂ. મા. શ્રીમતિબેન દેસાઈના શતાબ્દિ વર્ષની ઊજવણી



ભાવેણાની ભાદેવાની શેરીમાં રાજગોર ડેલામાં નાગર સદ્‌ગૃહસ્થ સ્વ. કાંતીશંકર માનશંકર ઓઝા અને સ્વ. મુક્તાલક્ષ્મી કાંતીશંકર ઓઝાને ત્યાં મા. શ્રીમતિબેન દેસાઈ (બુચીબેન)નો તા. ૯-૫-૧૯૧૪માં જન્મ થયો. પિતાની આર્થિક સ્થિતિ તથા તે સમય મુજબ ભાવનગરની માજીરાજ કન્યાશાળામાં ૪ ધોરણ સુધીનું શિક્ષણ મેળવ્યું. માતાએ ધાર્મિક સંસ્કાર સાથે ઉછેર કર્યો...૧૯૨૨માં વડીલોની ઈચ્છા પ્રમાણે ૭ વર્ષની ઉંમરે ૧૩ વર્ષના મધુસુદનભાઈ દેસાઈ સાથે સગપણની ગાંઠે બંધાયાં અને ૧૯૨૮માં જીવનયાત્રા શરૂ કરી. ૧૯૩૨માં મધુસુદનભાઈ સાથે મુંબઈથી સહજીવનનો પ્રારંભ કર્યો. બાદ શ્વસુર લાભશંકર દેસાઈની નાદુરસ્ત તબીયત તેમજ નાના ભાઈઓ બહેનોની જવાબદારી નિભાવવા ૧૯૪૯માં વતન ભાવનગર પરત થયાં અને આજદિન સુધી કૌટુંબિક સેવામાં જીવન સમર્પિત કરી રહયાં છે...આવાં માતુશ્રીના ૧૦૦મા વર્ષમાં પ્રવેશના અવસરે તા. ૮/૫/૨૦૧૪ના રોજ ભાવનગરના રોટરી હોલ ખાતે દેસાઈ પરિવાર તથા ભાવનગરની શ્રી ગોઘા હાટકેશ્વર મહાદેવ ફંડ, હરિનાગર નિવાસ ફંડ, ધી ભાવનગર નાગર જીમખાના, ગોઘા ભા. વ. ના. જ્ઞાતિ હિતાર્થ ફંડ વ. ના. જ્ઞાતિ સહાયક પૈસા ફંડ વગેરે  સંસ્થાઓ દ્વારા મા. શ્રીમતિબેનનો આશીર્વાદ સમારોહ યોજવામાં આવેલ, જેમાં સમસ્ત કારોબારી સભ્યો વયસ્ક વડીલો શ્રી હરકાંતભાઈ દેસાઈ તેમજ ભૂતપુર્વ સાંસદ ૯૩ વર્ષના શ્રી પ્રસન્નવદનભાઈ મહેતાએ હાથે કાંતેલી સૂતરની આંટીથી શ્રીમતીબેનનું બહુમાન કર્યું હતું. સમગ્ર જ્ઞાતિ સંસ્થાઓ વતી મેડલ તથા શાલ ઓઢાડી સ્વાગત કર્યું હતું. અંતમાં શ્રી ભદ્રેશભાઈ દેસાઈએ આભારદર્શન કર્યા બાદ મહાપ્રસાદ લઈ સૌ છૂટા પડયા હતા.

શતાબ્દિ વર્ષની ઉજવણીના ભાગ રૂપે યુવા સભ્યો દ્વારા 'રંગોલી રીસોર્ટ' ખાતે કૌટુંબિક મિલન યોજવામાં આવ્યું હતું. જેમાં દિપદર્શન બાદ માતુશ્રીની જીવનયાત્રાની ડોકયુમેન્ટરી, બાળાઓના ગરબા રાસ, અંતાક્ષરી, હાઉસી, કેક કટીંગ બાદ મિષ્ઠ ભોજનનો સૌએ સાથે મળીને આનંદ માણ્યો હતો. આ પ્રસંગે કુટુંબના દોહિત્ર શ્રી ભવિનભાઈ ડી. મહેતાએ મસ્કતથી ખાસ હાજરી આપી હતી.

(પૂ. મા.શ્રીમતિબેન બરછી પ્રતિનિધી મુકેશભાઈ દેસાઈનાં માતુશ્રી થાય...શત્ શત્ વંદન)

## જટાયુ બક્ષી એમ.ટેક. થયા



જૂનાગઢનાં શ્રીમતી કિરણ તથા હર્ષિત બક્ષીના પુત્ર જટાયુ બક્ષી ડી. ડી. યુનિવર્સિટી ખાતેથી એમ. ટેક. કોમ્પ્યુટર એન્જીનીયરીંગમાં ૮.૧૭ એસ.પી.આઇ. સાથે ઉત્તીર્ણ થયા. તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી ધરાવતા જટાયુ બક્ષી ૨૦૧૧થી ડી. ડી. યુનિવર્સિટીમાં જ આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવી રહયા છે. તેઓ સ્વ. નયનસુતાબેન મનુભાઈ બક્ષીના પૌત્ર અને સ્વ. કૌશલ્યાબેન ધનસુખરાય વસાવડાના દોહિત્ર થાય. પરિવારોનું ગૌરવ વધારવા બદલ અભિનંદન.

## કુ. નીધિ બક્ષી સી.એ. થયાં



કુ. નીધિ  બક્ષી મુંબઈ સ્થિત શ્રી હર્ષદભાઈ તથા ઉષાબેન બક્ષીનાં પુત્રી નવેમ્બર ૨૦૧૩માં લેવાયેલ સી.એ. ફાઈનલની પરીક્ષામાં માત્ર ૩.૧૧% પરીણામમાં સમગ્ર ભારતમાં ૧૬ માં ક્રમાંક સાથે જવલંત સફળતા મેળવી  બક્ષી તથા બુચ કુટુંબને ગૌરવ બક્ષ્યું  છે. અભિનંદન.

## ઇતિહાસવિદ્ ડો. પ્રો. અનિલભાઈ કિકાણીનું દુઃખદ નિધન

"મોત તારી કારમી નિષ્ફળતા જોઈ લે
કેટલાં હૈયે સ્મરણો બનાવી જાઉં છું."

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં ઈતિહાસ વિભાગના ભૂતપૂર્વ અધ્યક્ષ પ્રો. ડો. અનિલભાઈ એમ. કિકાણીનું નિધન થતાં જ્ઞાતિ અને સમાજે એક વિદ્યાવ્યાસંગી સજજન ગુમાવ્યા છે. મુળ જુનાગઢનાં શ્રી અનિલભાઈએ જુનાગઢની બહાઉદ્દીન કોલેજ તથા ગુજરાત યુનિવર્સિટીમાં શિક્ષણ પ્રાપ્ત કરી જુનાગઢ તથા ગોંડલની કોલેજમાં કારકિર્દીનાં પ્રારંભિક વર્ષો વીતાવ્યા પછી રાજકોટ સ્થાયી થયા હતા. ૧૯૯૫ થી ૨૦૦૫ સુધીના તેમના ઈતિહાસ ભવનનાં અધ્યક્ષ તરીકે તેઓએ અનેક વિદ્યાર્થીઓને તેમનાં જ્ઞાનનો લાભ આપ્યો. તેઓએ જુનાગઢનાં ઈતિહાસ પર સંશોધન નિબંધ લખી પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલ. તેમાં જુનાગઢના નવાબીકાળ, નાગર દીવાનોની તવારીખ આલેખવામાં આવી છે. આ વિષયમાં અનિલભાઈનું અગાધ જ્ઞાન હતુ. તેમના હાથ નીચે ઘણા વિદ્યાર્થીઓએ પી.એચ.ડી તથા એમ.ફીલ. ની પદવી હાંસલ કરેલ. તેમના એક વિદ્યાર્થી પ્રો. વાઢેરે 'ભાવનગરના રાજકીય, સામાજીક, આર્થિક અને સાંસ્કૃતિક વિકાસના ક્ષેત્રે ભાવનગરની નાગર જ્ઞાતિનું પ્રદાન' વિષય સાથે પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. જે પુસ્તકરૂપે પ્રકાશિત થવામાં છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં IAS ટ્રેનીંગ સેન્ટરના માનદ્ કો-ઓર્ડીનેટર તરીકે સેવા આપી પોતાની વહીવટી સૂઝનો સુપેરે પરિચય આપ્યો. તેઓ સૌરાષ્ટ્ર કચ્છ ઈતિહાસ પરિષદના અધ્યક્ષનું સ્થાન શોભાવી ચુકયા હતા. ભારતીય ઈતિહાસ સંકલન સમિતિ સાથે પણ આજીવન સંકળાયેલા રહયા. નાગર પરિષદ, રાજકોટના માર્ગદર્શક, પરામર્શક તરીકે પણ પ્રશંસનીય સેવા કરી. હાલમાં તેઓ નરસિંહ મહેતા પર એક પુસ્તકનું લેખન કરી રહયા હતા.

વિદ્વતા,પદ, પ્રતિષ્ઠા અને નમ્રતા એક સાથે કોઈ વ્યકિતમાં જોવા મળે તેવું જવલ્લેજ બને. ઉચ્ચ હોદો છતાં વ્યવહારમાં અંશ માત્ર ગર્વ-અહમ જોવા ન મળે તેવા વિરલાઓ ભાગ્યેજ સાંપડે છે. અધ્યાપકીય સજજતા, વિદ્યાર્થી પ્રીતિ તથા સહજ સ્વભાવના કારણે અનિલભાઈ વિદ્યાર્થી જગતમાં અત્યંત લોકપ્રિય હતા. વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને તેઓ પોતાના માનસ સંતાન માનતા હોવાથી તેમના માટે અનિલભાઈ અને હેમાક્ષીબેનના ઘરના દ્વારા હમેંશા ખુલ્લાં રહેતા.

પંદરેક વર્ષ પહેલાં તેમના ધર્મપત્ની હેમાક્ષીબેનનું આકસ્મિક અવસાન થતાં તેઓ બંન્ને પુત્રો માટે માતા તથા પિતા બંન્નેની ભૂમિકા અદા કરતા રહયા. તેઓને ઉત્તમ શિક્ષણ અને સંસ્કાર આપી સારી રીતે જીવનમાં ગોઠવાય તે માટે હમેશ યત્નશીલ રહયા સાથે સાથે જીવનભર પોતાનું, કૌટુંબીક તથા વિદ્યાકીય કર્તવ્ય બજાવતા રહયા. (થોડા સમય પહેલાં બરછીમાં સગપણ લગ્નના કોઈ સમાચાર લખી મોકલતાં તેઓએ જન્મદાત્રી માતા-સ્ત્રીનું મહત્વ અને ઉપકાર જણાવી સમાચારમાં પહેલાં માતાનું નામ લખવા સૂચન કરેલ અમને દિલથી નીકળેલ આ વાત ઋચી ગઈ અને અમે ત્યારથી આ પ્રથા અપનાવી છે જેની આ તકે તેઓને વંદન સાથે નોંધ લઈએ છીએ.)

આવા કોમળ હૃદયના નિરાભિમાની વિદ્વજને ઉપરની ઊકિત મુજબ ખરેજ અસંખ્ય હૈયામાં પોતાના સ્મરણો કોતરીને વિદાય લીધી છે...તેઓની ખોટ જ્ઞાતિ ઉપરાંત સમગ્ર વિદ્યાજગતને સાલશે. આવા આત્માને ચિર શાંતિ જ હોય પરંતુ પરિવારજનોને આ ઘા સહન કરવાની શકિત આપે તેવી ઈશ્વરને પ્રાર્થના કરીએ.

## પી.એસ.આઈ. શ્રી યોગેશ અંજારીયા સેવાનિવૃત્ત થયા



રાજકોટના શ્રી યોગેશ એસ. અંજારીયા પોલીસ ખાતામાં ૩૮ વર્ષ નિષ્ઠાપૂર્વક નોકરી કરી વયમર્યાદાને કારણે પી.એસ.આઇ.કેડરથી નિવૃત્ત થતાં રાજકોટ શહેર પોલીસ ભવન ખાતે પોલીસ કમિશ્નરશ્રી મોહન ઝાના અધ્યક્ષ સ્થાને અન્ય ઉચ્ચ અધિકારીઓ તથા કર્મચારીગણની ઉપસ્થિતિમાં ભાવભીનો વિદાય સમારંભ યોજાય ગયો. જેમાં યોગેશભાઈને કમિશ્નરશ્રીના હસ્તે પ્રતિક ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તકે તેમના મિલનસાર સ્વભાવ અને કર્તવ્યનિષ્ઠાને બિરદાવી આરોગ્યમય તથા સુખમય નિવૃત્ત જીવનની શુભકામના પાઠવી હતી.

યોગેશભાઈએ રાજકોટની એ.વી.પી.ટી. ઇન્સ્ટીટયુટ માંથી ૧૯૭૩-૭૪ દરમ્યાન વાયરલેસ ટેલીગ્રાફનો કોર્ષ કરી ૧૯૭૬માં પોલીસ ખાતામાં જોડાઇને કારકિર્દીની શરૂઆત કરી...તેઓએ વાયરલેસ સંદેશાવ્યવહારને લગતી ગુપ્ત-ટોપસીક્રેટ કહી શકાય તેવી મહત્વપૂર્ણ કામગીરી ખંત અને પ્રમાણિકતા સાથે બજાવી. સંદેશાવ્યવહારની અત્યંત મહત્વપૂર્ણ અત્યાધુનિક સાયફર ક્રિપ્ટોગ્રાફી(સાંકેતિક ભાષા)ની તાલિમ નવી દિલ્હી ખાતેથી  ભારત સરકારના ગૃહમંત્રાલય તેમજ નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરો માંથી મેળવ્યા બાદ ગાંધીનગર ખાતેના ડાયરેકટર જનરલ ઓફ પોલીસની કચેરીમાં ફરજ બજાવી. ઇ. સ. ૨૦01ના વિનાશક ભૂકંપ સમયે તત્કાલિન પોલીસ અધિક્ષકની સૂચના મુજબ કચ્છ પહોંચી સંદેશા વ્યવહારની કપરી કામગીરી બજાવી સંદેશાવ્યવહાર પુનઃ ચાલુ કરાવી સૌની પ્રશંસા પ્રાપ્ત કરી હતી.તે જ રીતે જામનગર ખાતે કુદરતી આફતો,વાવાઝોડા દરમ્યાન પણ સંદેશાવ્યવહાર ચાલુ રાખવાની કઠીન 'ચેલેન્જ'ને સફળતાપૂર્વક પાર પાડી હતી. ઉપરાંત વિવિધ કામગીરી માટે લાયેઝન ઓફીસર તરીકે પણ નિયુકતી મેળવી હતી.આવી વિશિષ્ઠ કામગીરીઓ ખંત સાથે બજાવી તા. ૩૦-૪-૨૦૧૪ના રોજ રાજકોટ ખાતેથી સેવા નિવૃત્ત થયા.

પોલીસ ખાતાની નોકરીમાં પડકાર ઝીલી સુપેરે પાર ઉતરવા બદલ યોગેશભાઈને અભિનંદન સહ આરોગ્યમય નિવૃત્ત જીવનની શુભકામના.

## વ્યોમ મજમુદાર ઈન્ટેલીજન્સ ઓફીસર પદે નિમાયા



જુનાગઢનાં શ્રીમતી હીનાબેન અને ભારતભાઈ ગૌતમભાઈ મજમુદારના પુત્ર વ્યોમ મજમુદાર ભારત સરકારમાં ઈન્ટેલીજન્સ ઓફીસર તરીકે પસંદગી પામ્યા છે. ઉચ્ચ અભ્યાસ અને તેજસ્વી કારકિર્દી ધરાવતા વ્યોમ મજમુદારને ગાંધીજીના 'સત્યના પ્રયોગો'ના'ડીજીટલાઈઝેશન' બદલ સન્માનિત કરવામાં આવેલ છે. ચિ. વ્યોમ ભાણવડના કુંજલતાબેન તથા કવિજીવ ડો. ટી.એ. નાણાવટીના દોહિત્ર થાય.

## રોનક છાયાએ પી.એચ.ડી.ની પદવી મેળવી

અમદાવાદ નિવાસી શ્રીમતી આશા છાયા અને શ્રી સતીષચંદ્ર પી. છાયાના પુત્ર (સ્વ. અરૂણાબેન અને સ્વ. પ્રવીણરાય એમ. છાયાના પૌત્ર) રોનક છાયાએ ડો. એમ. એ. મોદી (લાઈફ સાયન્સ સ્કુલ ડીપા હેડ) ગુજરાત યુનિવર્સિટીના માર્ગદર્શન હેઠળ માઈક્રો બાયોલોજીના (Studies on lactse from strephtomyces SPP) વિષય ઉપર મહાશોધ નિબંધ રજુ કરી પી.એચ.ડીની પદવી મેળવી.

## લોકસંગીતના મહારથી શ્રી દિવાકર વોરા સન્માનિત થયા



તા. ૨૩ માર્ચ-વિશ્વ રંગભૂમિ દિવસના રોજ વડોદરાની જાણીતી સંસ્થા ત્રિવેણી નાટય સંસ્થા દ્વારા કલાના વિવિધ ક્ષેત્રોના ગુજરાતના કલાકારોનું સન્માન કરવામાં આવ્યું જેમાં રાજકોટના લોકસાહિત્યના જાણીતા કલાકાર શ્રી દિવાકર વોરાનું પણ સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમના અતિથિવિશેષ તરીકે રાજય સરકારના સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના સચિવ કવિશ્રી ભાગ્યેશ જહાએ ઉપસ્થિત રહી કલાકારોનું સન્માન કર્યું. ભાતીગળ લોકસંગીત અને લોકસાહિત્યના કલાવારસાનું જતન કરી રહેલ દીવાદાંડી સમા દિવાકરભાઈનું યથાયોગ્ય સન્માનના થયું છે ત્યારે અભિનંદન સાથે સ્વસ્થ-સૂરમયી જીવનયાત્રાની શુભકામના આપીને તેમનો પરિચય મેળવીએ...

દિવાકરભાઈનો જન્મ ૭ સપ્ટેમ્બર ૧૯૪૦ના રોજ ભાવનગરમાં ગુજરાતી સાહિત્યના સિદ્ધહસ્ત ગીતકાર પિતાશ્રી ભાસ્કર વોરાને ત્યાં થયો. રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કોલેજ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માંથી ગુજરાતી લોકસાહિત્યના વિષય સાથે સ્નાતક- અનુસ્નાતકની પદવી મેળવી. કોલેજકાળ દરમ્યાન જ મહાન લોકગાયક હેમુ ગઢવીનો સંસર્ગ થયો જેમાંથી સર્જાયા આજના લોકવિદ્યાના જાણકાર દિવાકર વોરા. આજે ગુજરાતી લોકસંગીતની તાત્વિક ચર્ચા કરવી હોય, મૂળ ઢાળ વિશેની સમજણ મેળવવા કે લોકગીત દૂહા છંદની અસલિયત ચકાસવા દિવાકરભાઈનો સંપર્ક કરવોજ પડે ! અખિલ ભારતીય લોક સાહિત્ય પરિષદ અલ્હાબાદ ખાતે સૌરાષ્ટ્રની ભવાઇ અને ભજન વિષેનું તેમનું સંશોધન તો આંતરરાષ્ટ્રિય લોક સાહિત્ય પરિષદમાં ગુજરાતના લોકસંગીત વિશેનું નિદર્શન આજે પણ એટલુંજ પ્રમાણભૂત માનવામાં આવે છે. લોકસંગીત તો નિજાનંદ માટે જ છે એવું દ્રઢપણે માનનાર દિવાકરભાઈએ કયારેય ધંધાદારી કલાકાર થવામાં રસ દાખવ્યો નથી, પરંતુ આકાશવાણીના બી-હાઇગ્રેડની માન્યતા મેળવી રેડીયો,ટીવી તેમજ ઉર્દૂ સર્વિસ દ્વારા અનેકવાર રજૂ થતાં રહયાં છે.તેમજ ગુજરાતી લોકસંગીતની ગરિમા જળવાય રહે તે માટે થોડી કેસેટોમાં તેઓએ કંઠ આપ્યો છે. તો જ્યાં અસલિયત જળવાય રહે ત્યાં જાહેર કાર્યક્રમો પણ આપે. પ્રા. માર્કંડ ભટ્ટ દિગ્દર્શિત 'શેતલના કાંઠે' નાટકમાં પોતાનો કંઠ આપ્યો હતો, આ નાટકને આકાશવાણી વડોદરા દ્વારા આર્કવાઇઝ કરતાં તેમાં પણ પાર્શ્વસંગીત તથા સંગીત દિગ્દર્શન દિવાકરભાઈ એ કર્યું હતું. ઉપરાંત ગુજરાત સરકાર, સૌરાષ્ટ્ર ગુજરાતની યુનિવર્સિટીઓમાં તેમજ અન્ય સંસ્થાઓ દ્વારા આયોજિત યુવાશિબિરો, કાર્યશાળાઓ, સ્પર્ધાઓમાં તજજ્ઞ કે નિર્ણાયક તરીકે ઉપસ્થિત રહી યુવાનોમાં લોકસંગીતની સાચી સમજ કેળવી લોકસાહિત્યને જીવંત રાખવા સાચા અર્થમાં સેવા કરી છે અને આજ પર્યંત કરી રહયા છે.

## નિશ્ચલ બુચે ઝોનલ હેડ તરીકે બઢતી મેળવી

રાજકોટના નિશ્ચલ રૂદ્રેશભાઈ બુચ જાણીતી ઈન્સ્યુરન્સ કંપની ટાટા એ.આઇ.એ.માં ૨૦૦૮ની સાલમાં રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર રીજીયનના હેડ તરીકે જોડાયા હતા. પોતાની સન્નિષ્ઠ કામગીરી થકી ગુજરાત રીજીયન હેડ તરીકે બઢતી સાથે અમદાવાદ બદલાયા. કાર્યદક્ષતા કુનેહ અને અનુભવના આધારે તાજેતરમાં ઘણી નાની વયે ઝોનલ હેડના ઉચ્ચ સ્થાને બઢતી મેળવી છે. જ્ઞાતિજનોના કંપની માટેના કોઈપણ કામ માટે તત્પર રહેતા નિશ્ચલ બુચ ભુજના સિધ્ધાર્થભાઈ અંજારીયાના જમાઈ થાય. અભિનંદન સહ પ્રગતિની શુભકામના.

# 'મેડિકલ સ્ટોર્સ'

મથાળું વાંચી 'બરછી'ના વાચક મિત્રોને નવાઇ લાગશે. પણ આજે 'દવાની દુકાન'ને મધ્યબિન્દુએ રાખીને આજની યુવા પેઢીને વિચારતા કરવા છે...

આજે જે યુવા પેઢી છે (૩૦થી ૪૦ વર્ષના ભાઈ/બહેનો) જરા યાદ કરો, ૨૦-૨૫ વર્ષ પહેલાં તમારા ગામમાં 'મેડિકલ સ્ટોસ' કેટલા હતા ? ગુજરાતનું નાનું ગામ (દા.ત. ગોંડલ, ધોરાજી, મહેસાણા કે વલસાડ અગર તો શહેર હોય રાજકોટ, જૂનાગઢ, વડોદરા, સુરત કે અમદાવાદ) આ દરેક ગામ શહેરમાં આજે મેડિકલ સ્ટોર્સનો આંકડો ક્યાં પહોંચી ગયો છે ! આજે પાનના ગલ્લાથી દવાની દુકાન અને ડોકટરનાં પાટિયાં વધુ અને થોકબંધ જોવા મળે છે. આમ કેમ ? આપણે કોઈએ વિચાર્યું ? 'મેડિકલ સ્ટોર્સ'માં ચારે તરફ આ 'બેફામ' વધારાનો સીધો અર્થ છે... બિમારો અને બિમારીની સંખ્યામાં 'અનહદ' વધારો. આ ધંધામાં મંદીની અસર કયાંય જોવા મળતી નથી !

છેલ્લા ૨૦ વર્ષમાં બિમારી વધવાનું કારણ શું ? જવાબ છે-આપણી 'જીવનશૈલી'માં બદલાવ. ગુજરાતના નાના મોટાં ગામ/શહેરોમાં કહેવાતા 'આધુનિકરણ'ની સૌથી ખરાબ અસર રોજબરોજની જીવનશૈલી ઉપર થઈ છે. જેમાં શ્રમનો અભાવ અને રોજીંદા ખાન પાનમાં ધરખમ બદલાવ મુખ્ય છે. આજનો યુવાન ચાલવાનું કે સાયકલ ભૂલી ગયો છે...શેરીના નાકે પણ બાઇક ઉપર જાય છે. સવારના નાસ્તામાં 'ગાંઠીયા'નું પ્રમાણ ખુબ વધી ગયું છે. રજા કે નાના ઉત્સવની ઉજવણી ઘરને બદલે 'ધાબા' ઉપર વધુ ઉજવાય છે. આપણા રોજીંદા ખોરાકમાં પણ સાદો પૌષ્ટિક ખોરાકને બદલે તળેલ,મસાલેદાર, અપૌષ્ટિક ખોરાક વધી ગયો છે. આ બદલાવ જાણે અજાણે છેલ્લા ૧૫-૨૦ વર્ષથી ધીમેધીમે ગુજરાતમાં શરૂ થઈ ગયો અને આજે તેના પરિણામે 'મેડિકલ સ્ટોર્સ'નો રાફડો ફાટી નીકળ્યો છે. બચાવ પક્ષે કોઈ એવી દલીલ કરે કે વસ્તી વધી, પોલ્યુશન વધ્યું, અગાઉ બિમારીઓ હતી પણ 'મેડિકલ સાયન્સ' ન હતું... વગેરે. પણ આ તર્ક તકલાદી છે. આજે જે ઝડપે દવાખાના, હોસ્પિટલો ઉભરાય છે તે જ બતાવે છે કે બિમારી/બિમારીની સંખ્યામાં થતો વધારો રોકવામાં નહીં આવે તો ગુજરાતની આવતી પેઢી 'સાવ નમાલી' થઈ જશે. હા, મેડિકલ સાયન્સ સામે વિરોધ નથી, ચોકકસ તેની જરૂર છે. જેમ કે હાડકું ભાંગ્યું હોય તો આજે વ્યકિત ફરી હાલતો ચાલતો થઈ જાય છે પણ આજે સામાન્ય બિમારીઓ જેવી કે તાવ, ઉધરસ,દમ શ્વાસ, પેટના દર્દો તથા બીપી, ડાયાબીટીઝ અને હૃદયરોગની બિમારીમાં જે ઝડપે વધારો થઈ રહયો છે તે ચિંતાનો વિષય છે.

ચોકકસ એમ કહી શકાય કે શ્રમ કસરતનો અભાવ અને ઝંકફૂડ 'મેડિકલ સ્ટોર્સ'ના વધારા સાથે સંકળાયેલ છે. અને એક ત્રીજું કારણ પણ યુવાવર્ગમાં ઉમેરાયું છે... 'STRESS' નોકરી ધંધામાં હરિફાઈ, વધુ પૈસા કમાવા માટે દોડધામ. આમ જ્યારે આ ત્રણે કારણો-બેઠાડુ જીવન, અનિયમિત આહાર અને સ્ટ્રેસ-ભેગાં થાય છે ત્યારે તંદુરસ્તી માટે ખૂબ જોખમી બની જાય છે. જેના આજે સમાજમાં ઘણા દાખલા જોઇ રહયા છીએ.

જોકે અન્ય જ્ઞાતિની સરખામણીએ આપણી જ્ઞાતિમાં હજુ આજે પણ આપણે ખાનપાનમાં ઘણા સંયમી છીએ, પણ શ્રમનો અભાવ આપણા યુવાનો-બાળકોમાં ઘર કરી ગયો છે. ઉપરાંત જે સમાજમાં રહીએ છીએ તેની અસર લાંબે ગાળે થવાની જ. તો જ્ઞાતિજનો જો આપણે આજે નહીં વિચારીએ તો 'આવતી કાલ' આપણી વધુ ખરાબ હોઇ શકે. માટે ચેતજો..ચેતતો નર સદા સુખી.

હા, હવે જ્યારે બહાર નીકળો ત્યારે 'મેડિકલ સ્ટોર્સ'ના પાટીયાં ગણીને વિચારો...મારે જીવનશૈલી માં કેવો ફેરફાર કરવો જોઈએ ?-શ્રમ કસરત માટે થોડો સમય કાઢો. આપણી ગૃહિણી ભણેલ ગણેલ છે... તેઓ ઘરમાં સાદા ખોરાકનો આગ્રહ રાખે... આપણી ગુજરાતી થાળી-રોટલી, દાળ, ભાત, શાક, ભાખરી અને ખીચડી  કઢી સંપૂર્ણ સમતોલ આહાર છે. જો ગૃહિણી જંકફૂડ, તળેલા, તીખા તમતમતા આહારથી દૂર રહેશે -પ્રમાણ ઓછું કરશે તો ચોકક્સ આખું ઘર 'મેડિકલ સ્ટોર્સ'થી દૂર રહેશે.

આ લેખ ગુજરાત અને ગુજરાતીઓને ધ્યાનમાં રાખીને લખેલ છે. અન્ય રાજ્યોનો ઘણો ઓછો અનુભવ છે, પરંતુ ભારતના અન્ય રાજ્યોમાં પણ 'મેડિકલ સ્ટોર્સ'નો વધારો ચોકક્સ જોવા મળતો જ હશે. છતાં કદાચ બધાં રાજ્યોમાં મેડિકલ સ્ટોર્સની ગણત્રી કરવામાં આવે તો તેમાં પણગુજરાત 'નંબર-વન' હોઈ શકે !)

– પીયુષ શાંતિભાઈ ધોળકિયા, રાજકોટ.

## કુ. રૂદ્રી પાઠકનું રીસર્ચ પેપર પ્રકાશિત થયું

અમદાવાદ સ્થિત શ્રી કૌટિલ્ય તરૂણકાંત પાઠકનાં પુત્રી કુ. રૂદ્રી પાઠકનું એમ.એસ. ફાર્મા (NIPER A'bad)અભ્યાસના ભાગ રૂપે લખેલ રીસર્ચ પેપર Role of mucoadhesive polymers in enhancing nasal to brain therapy of nimodipine તાજેતરમાં આંતરરાષ્ટ્રીય જર્નલમાં - ELSEVIER- માં  પ્રકાશિત થયું. કુ. રૂદ્રી પાઠકે વર્ષ ૨૦૧૨માં ગોલ્ડ મેડલ સાથે એમ.એસ. ફાર્મા (NIPER A'bad )ની પદવી મેળવી છે અને હાલમાં અમદાવાદ ખાતે આસી. પ્રોફેસર તરીકે ફરજ બજાવી રહયાં છે.

## મંગલ મેરેજ બ્યુરો

**સંચાલક : મમતા ઢેબર**

મો. ૯૯૨૫૭૯૮૯૮૯/ફોન:૦૨૮૧-૨૫૭૦૬૮૧

**સમય : સવારે ૧૨ થી ૨ સાંજે ૭ થી ૯**

Mail ID : mamtadhebar@yahoo.in

ગયા અંકમાં જ્ઞાતિના વિચારધારાનું મનોમંથનની રજુઆતના સંદર્ભમાં ઘણા પ્રતિભાવો મળ્યા છે...આભાર.

નવા/જૂના મેમ્બરોએ પોતાનો ઇ-મેઇલ આઇડી મોકલવો. પ્રોફાઇલ અપડેટ કરવાની હોય તો તે પણ તાત્કાલીક મોકલી આપશો.

સગાઈના અભિનંદન...

શૈલી ઓઝા-જય માંકડ

દીતી પાઠક-અંકિત ધ્રુવ

## શ્રીમતી વિશ્વા પરિતોષ દેસાઈ
## (મો. ૮૫૩૦૭૭૮૨૬૧)

ધોરણ ૧ થી ૧૦ ગુજરાતી / અંગ્રેજી માધ્યમના ટયુશન - વેકેશન બેચ પેઈન્ટીંગ તેમજ ડ્રોઈંગ (બાળકો-મહીલાઓમાટે)

મુદ્રાચિકિત્સા પધ્ધતિથી જુના તથા હઠીલા રોગમાં રાહત (ઉપરોકત દરેકમાં હાટકેશ બંધુઓને ડીસ્કાઉન્ટ ઓફર)

નાગર શૈલીમાં કૌટુંબીક નામ આવે તે રીતે કંકોત્રી /મંગળાષ્ટકનું લખાણ લખી આપવામાં આવશે... મળો : પુરૂષાર્થ એપાર્ટમેન્ટ-૧ માળે, વિરાણી ચોક-કલ્યાણ સોસાયટી, રાજકોટ.

ગતાંકની ટ્રાવેલ એજન્સી TRAVELALLAY ની જાહેરાતમાં નામ/મો. નંબરમાં સુધારો નોંધી લેશો...યાદી મુજબ દ્વિજા વસાવડાને બદલે **નિશીથ વસાવડા મો. ૯૮૨૫૪૦૫૪૬૪**નો સંપર્ક કરવો.

સ્થળસંકોચને કારણે લ.વિ. જાહેરાતો લઈ શકાયેલ નથી જે તા. ૫ જૂન પછી બરછીની વેબસાઇટ barchhi.com ઉપર જોઈ શકશો. પ્રથા મુજબ કાર્યાલયે સાંજે ૬ થી ૯માં ફોન કરી નંબર મેળવી શકશો. - તંત્રી

# શ્રી ક. સૌ. વ. નાગર મંડળ-અમદાવાદ દ્વારા મહેશભાઈ વસાવડાનું સન્માન

## હાટકેશ પાટોત્સવ અહેવાલ

શ્રી મંડળના ઉપક્રમે તા.૧૩ એપ્રિલના રોજ પાટોત્સવ નિમિત્તે સમુત્કર્ષ પરિસરમાં આવેલ શિવમંદિર ખાતે સર્વ પ્રથમ ૩ થી ૫ દરમિયાન રૂદ્રાભિષેક-પૂજન રાખેલ, જેમાં ત્રણ દંપતિઓએ ભાગ લીધેલ. ત્યારબાદ ત્યાંના ઓપનએર થિએટર ખાતે યોજાયેલ શીવ ભજનના કાર્યક્રમમાં જ્ઞાતિ કલાકારો વ્યાપ્તિ બુચ, હેલી જીકાર, શૈલ માંકડ, હેલી વસાવડા, નીનાદ બુચ, નુપૂર મહેતા, ફલક મહેતા, વાગ્મી દેસાઈ, કલગી બક્ષીએ શીવસ્તુતિ ભજનો રજૂ કરી સૌની દાદ મેળવી હતી. કાર્યક્રમના સંચાલન અને આયોજનની જવાબદારી પ્રમુખશ્રી ડો. જયંતભાઈ વસાવડાએ નિભાવી હતી. આ દિવસે અન્ય મુખ્ય કાર્યક્રમ રહયો મંડળ સાથે સતત ૫૦ થી પણ વધારે વર્ષોથી સંકળાયેલ મંડળના ટ્રસ્ટીશ્રી મહેશકાંતભાઈ વસાવડાના અભિવાદનનો. જ્ઞાતિ કે સમાજની નિષ્ઠાપૂર્વક સેવા કરી, જ્ઞાતિને ગૌરવરૂપ કાર્ય કરવા માટે પ્રત્યેક વર્ષે અપાતો સ્વ. ચન્દ્રકાન્ત બક્ષી જ્ઞાતિ-ગૌરવ એવોર્ડ આ વર્ષે શ્રી મહેશભાઈને આપવાનો હતો. પ્રથમ પ્રાસંગિક સ્વાગતમાં કુ. નીલિમા વૈષ્ણવે મહેશભાઈ તથા સૌ. રૂચિરાબહેનનું સ્વાગત કરેલ. શ્રી અતુલભાઈ કીકાણીએ જણાવેલ કે મંત્રી-પ્રમુખ તથા ટ્રસ્ટી તરીકેના આ ૫૦ વર્ષ દરમ્યાન મહેશભાઈનું મંડળનું બંધારણ ઘડવામાં, ચેરીટી કમિશ્નર પાસે મંડળનું રજીસ્ટ્રેશન કરવામાં, મંડળના નિવાસ સ્થાન હાટકેશ કૃપાના ખરીદવા અને તેના નિભાવ તથા સુવિધા-જરૂરિયાત વિશે વિચારવામાં, વિવિધ હરિફાઈનું સંચાલનમાં અનન્ય યોગદાન સાથે પ્રશંસનીય સેવા મળેલ છે. શ્રી અમીત દેસાઈએ પચાસ વર્ષની લાંબી મઝલની ઝાંખી કરાવતા પ્રશસ્તિ-સન્માનપત્રનું વાંચન કરેલ અને પ્રમુખશ્રી તથા ટ્રસ્ટીના હસ્તે આ સન્માનપત્ર એનાયત કરવામાં આવેલ. ત્યારબાદ શ્રી રઘુવીરભાઈ ખારોડે તેના ઉદ્‌બોધનમાં જણાવેલ કે વર્ષો સુધી તેમનું નિવાસ સ્થાન મંડળની પ્રવૃતિનું કેન્દ્ર રહેલ-તેમના કાર્યમાં તેમના પત્ની શ્રીમતી રૂચિરાબહેનનો સાથ પણ નોંધનીય રહેલ છે. અને આ નાગર સન્નારી પણ માનના અધિકારી છે. પુષ્પગુચ્છ દ્વારા શ્રીમતી રૂચિરા વસાવડાનું અભિવાદન કરવામાં આવેલ. સ્વ. ચન્દ્રકાન્ત બક્ષી એવોર્ડમાં સન્માન પત્ર તથા ગીફટ આર્ટીકલ આપવામાં આવે છે, શ્રી મહેશભાઈના પુસ્તક પ્રેમને લીધે ક્રોસવર્ડના ગીફટ કુપનો આપવામાં આવેલ. મંડળની કારોબારી તરફથી પણ આકર્ષક ભેટ આપવામાં આવેલ. તો ઉપસ્થિત રહેલ વડનગરા નાગર મંડળ ગાંધીનગરની કારોબારીએ પણ પુષ્પગુચ્છ દ્વારા અભિવાદન કરેલ.

સર્વેના સન્માનના પ્રત્યુત્તરમાં શ્રી મહેશભાઈએ જણાવેલ કે ૫૧ વર્ષ પહેલાં આ ૨૪ વર્ષનો યુવાન અમદાવાદમાં રહેવાને ભાડાનું પણ મકાન ન હતું ત્યારે મંડળની કારોબારીમાં પ્રવેશ્યો ત્યારે માટીનો પીંડો એક રો-પ્રોડકટ રૂપે હતો -તેને ઘાટ આપવાનું કાર્ય અનેક વડીલોએ કરેલ છે. તે માટે તેઓને વંદન કરૂ છું. તેઓએ સ્વ. ભાલચન્દ્ર વસાવડા, સ્વ. દીનુભાઈ વસાવડા, સ્વ. ગનુભાઈ ઝાલા, સ્વ. પીનાકીનભાઈ ઝાલા, સ્વ. લાલભાઈ માંકડ, સ્વ. શાંતિભાઈ ધોળકિયા તથા મુ. અંબરીષભાઈ કીકાણી અને મુ. રમેશભાઈ ઘોડા પાસેથી જે શીખવા મળ્યું તેની સાદર નોંધ લીધી. સર્વ વર્તમાન સાથીઓનો તથા વર્ષો સુધી સતત સહકાર તથા પ્રેમ આપનાર જ્ઞાતિજનોનો આભાર માનેલ. આભાર દર્શન બાદ કાર્યક્રમ પૂર્ણ થયેલ અને ત્યારબાદ સાડા અગીયારસો જ્ઞાતિજનો રસ-પુરીના સમુહ ભોજનનો રસાસ્વાદ માણી છૂટા પડયા હતા.

(સંસ્થા દ્વારા મુ. મહેશભાઈ વસાવડાનું સ્તુત્ય સન્માન થયું છે. મિલનસાર સ્વભાવના મહેશભાઈની આયોજન શકિત,પ્રતિબધ્ધતા, રસ, નિષ્ઠા સાથે સંસ્થા અને જ્ઞાતિ પ્રત્યેની શુભભાવનાથી જ વ.ના.મંડળની વિવિધલક્ષી પ્રવૃત્તિઓ અને તે દ્વારા ભંડોળ વિસ્તરવાનો મુખ્ય શ્રેય તેઓને અપાય તો અતિશયોકિત નહીં જ લેખાય. વાંચન અને લેખનનો શોખ તેથી લગભગ ૪૦ વર્ષથી એટલે કે શાંતિભાઈના સમયથી આજસુધી મંડળની દરેક પ્રવૃત્તિઓનું રીપોર્ટીંગ-અહેવાલ-તેઓ દ્વારા જ બરછીને નિયમિત મળે..પરદેશ હોય તો ઈ મેઇલથી આવે.સંસ્થાને ધન્યવાદ સાથે મુ. મહેશભાઈને જ્ઞાતિ વતી બરછી પરિવારના અભિવંદન સાથે સેવાયાત્રા સતત જારી રહે તેવી શુભકામના. તંત્રી )

**આણંદ :** શ્રી નાગર યુવક મંડળના ઉપક્રમે તા. ૧૪/૪ ના રોજ રોટરી હોલ ખાતે સાંજે ૬:૩૦ થી ૮:૩૦ દરમ્યાન દાદાના પાટોત્સવની કરવામાં આવી. આ કાર્યક્રમનું અતિથિ વિશેષ પદ અમદાવાદ સ્થિત લાફીંગ કલબના પ્રણેતા તથા ગુજરાત સમાચારમાં વર્ષોથી 'ફીટનેસ' નામક સ્વાસ્થ્યની કટારના લેખક ડો. મુકુંદ મહેતાએ શોભાવ્યુ હતું. તેઓએ જીવનમાં હાસ્ય, સ્વાસ્થ્ય, કસરત તથા ઉંમર મુજબ મેડીકલ ચેક અપના મહત્વ અંગે માહિતીપ્રદ, માર્ગદર્શક અને ઉપયોગી વકતવ્ય આપ્યું હતું. તેઓ લિખીત 'હાસ્ય ચિકીત્સા'ની નાની પુસ્તિકા મંડળ દ્વારા ખરીદી દરેક કુટુંબને યાદગીરી રૂપે આપવામાં આવેલ. ઉપરાંત શ્રી યોગેશભાઈ શુકલ તરફથી માતા પિતાના સ્મરણાર્થે અમૃતાંજલી પુસ્તિકાનું વિતરણ કરેલ. અંતમાં ૩૫૦ જેટલા બંધુઓએ સ્વૈચ્છીક અનુદાન તથા મંડળના સહયોગથી સૌએ ફ્રૂટશીખંડ,પુરી, ભજીયાના ભોજનને ન્યાય આપ્યો હતો.

**ભાવનગર :** શ્રી ગોઘા હાટકેશ્વર મહાદેવ ફંડના ઉપક્રમે તા. ૧૪/૪/૧૪ના રોજ હાટકેશ્વર મંદિર ભાદેવાણીની શેરી ખાતે વિહારીભાઈ પી. મહેતા, અભિજીતભાઈ એસ. મહેતા, પિયુષભાઈ વૈશ્નવ તથા દેવાંગભાઈ બુચના યજમાન પદે મહિપતભાઈ જોશીના આચાર્ય પદે લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું હતું. બાદમાં ભજન, શિવમહીમ્ન, હાટકેશ્વરાષ્ટકમ વગેરે યોજવામાં આવેલ. સાંજે ૭:૩૦ કલાકે હરિનાગર નિવાસમાં શીખંડ પુરીનો રસાસ્વાદ માણ્યો હતો. બંને કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહેલ. ટ્રસ્ટી મંડળ, પ્રમુખ સહીત કારોબારીની જહેમતથી આયોજન સફળ બની રહેલ.

**ભરૂચ :** ગ્રીનપાર્ક સોસાયટી સ્થિત સોમેશ્વર મહાદેવ મંદીર ખાતે શ્રીમતી તમન્નાબેન ચિદમ્બરભાઈ મહેતા એ પૂજા વિધિ કર્યા બાદ સ્તુતિ સ્તવન કરી સૌ એ શ્રી કેયુરભાઈ દેસાઈ તથા જયેશભાઈ વૈષ્ણવ તરફથી શીખંડ પુરી ઈહડા સમેતના ભોજનને ન્યાય આપી પાટોત્સવ ઉજવ્યો હતો.

**નર્મદાનગર:** પ્રતિ વર્ષ મુજબ જનવિકાસ મંદીરમાં દેવાંશુભાઈ નિષ્ઠાબેન વસાવડા દ્વારા પૂજા વિધિ બાદ સ્તોત્ર મંત્રગાન કરી શ્રી પરાગભાઈ માંકડના નિવાસ સ્થાને તેઓ તથા દેવાશુભાઈ તરફથી મઠો પુરી કચોરી વગેરેના ભોજન સાથે ગીત સંગીતનો સહુએ રસાસ્વાદ લીધો હતો.

**મહુવા :** પાટોત્સવ નિમિતે તુષારભાઈ દેસાઈ દંપતીના યજમાન પદે લઘુરૂદ્ર કરવામાં આવ્યા બાદ બીજે વર્ષે પણ વિરેનભાઈ અર્ચના દેસાઈ –નિમાંસા ફુડ કોર્નર દ્વારા શીખંડપુરી, બટેટાવડાના ભોજનનો સૌએ આનંદ માણ્યો.

**વડોદરા :** પાટોત્સવ નિમિતે તા. ૧૩–૪–૨૦૧૪ રવિવારના રોજ શ્રી કચ્છી નાગર મંડળ – વડોદરાના ઉપક્રમે પ્રજાપતિ ભુવન ન્યુ સમા રોડ ખાતે સાંજે ૫:૩૦ થી ઉજવણી કરવામાં આવેલ. જેમાં લઘુરૂદ્રિ પૂજન, સામુહિક શિવ સ્તુતિઓનું પઠન તથા મહા આરતી યોજવામાં આવેલ. લઘુરૂદ્રિ પૂજનમાં યજમાન તરીકે વીમા– ઉદયભાઈ કિકાણી દંપતિ બેઠા હતા. ત્યારબાદ બહેનો માટે ભજન–ભકિત ગીત સ્પર્ધા યોજવામાં આવેલ. નિર્ણાયક તરીકે ડો. નિવેદીતાબેન વોરા તથા શ્રી કૌશીક વોરાએ સેવા આપી હતી. પ્રથમ દ્વિતીય સ્થાનો મેળવનાર તથા ભાગ લેનાર સર્વેને પ્રોત્સાહન સ્વરૂપે ઈનામો આપવામાં આવેલ. જ્ઞાતિના વડીલ શ્રી હરસુખરાય ધોળકીયા તરફથી ધો. ૧૦ –૧૧– ૧૨ માં ઉર્તીણ થયેલા દરેક બાળકોને ઈનામો આપવામાં આવેલ. સાથોસાથ શ્રી કચ્છી નાગર મંડળને મળેલ શૈક્ષણિક અનુદાનોના વ્યાજમાંથી પ્રથમ અને દ્વિતીય આવનાર તથા વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઈનામોથી નવાજેલ. પાટોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી કિરીટભાઈ ધોળકીયા અને શ્રી સનતકુમાર ન. માંકડ પરીવાર તરફથી અનુદાનો પ્રાપ્ત થયેલ.

**ખંભાળીયા :** અત્રેના સ્વ. હરસુખરાય એન બુચ પરીવાર તરફથી જ્ઞાતિ(નાત) ને ઉપયોગી મીકસર તથા મીલ્ક પોટ તથા રાજકોટના મયૂર ઢેબર પરીવાર તરફથી ર નંગ મીલ્ક પોટ ભેટ રૂપે આપવામાં આવ્યા.

# સમાચાર સંચય

**રાજકોટ :** મધુસુદનભાઈ માણેક આયોજીત 'નારી સન્માન સમારોહ'માં માળાના ૧૦૮ પારા સમાન વિવિધ ક્ષેત્રે પોતાનું વિશિષ્ઠ પ્રદાન આપનાર ૧૦૮ નારીઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ તા. ૨૭/૪ના રોજ યોજાય ગયો. જેમાં નાગર જ્ઞાતિના વડીલ હરમીલાબેન વછરાજાની, ભદ્રાબેન દેસાઈ, નંદિતાબેન બક્ષી, ડો. હર્ષાબેન વછરાજાની તેમજ મમતાબેન ઢેબર, હેમાબેન વસાવડા, ભૈરવી આચાર્ય, કોમલ વૈશ્નવ, પારૂલ દેસાઈ, નેહા માંકડ, ધ્વનિ વછરાજાનીનું સન્માન કરી નાગર જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પારૂલબેન દેસાઈએ કર્યું હતું.

- કુ. જયના બિરેનકુમાર ઓઝા અત્રેની ટી.એન.રાવ કોલેજ દ્વારા લેવાયેલ બી.સી.એ.ની પરીક્ષામાં ૮૦% અને કોલેજમાં ત્રીજા ક્રમ સાથે ઉતીર્ણ થઈ મારવાડી ઈન્સ્ટી.માં એમ.સી.એ.માં પ્રવેશ મેળવ્યો.
- ટી.જી.ઈ.એસના ઉપક્રમે એસ.એન.કણસાગરા સ્કુલમાં યોજાયેલ ટી.જી.ઈ.એસ. આઈડોલ ૨૦૧૪ ની સ્પર્ધામાં ૫૦૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો. જેમાં ફાઈનલમાં પહોંચનારા પાંચ સ્પર્ધકોમાં શ્રી દેવેન પી. વસાવડા રનર્સઅપ જાહેર થયા. તેઓ સતત બીજી વખત ફાઈનલ સુધી પહોંચ્યા.
- અત્રેના પ્રતીત દુર્ગેશ વૈશ્નવે એકસીસ બેંક જામજોધપુર ખાતે ડેપ્યુટી મેનેજર તરીકે બઢતી મેળવી.
- વિશ્વેશ ઘ. વૈશ્નવ સપરિવાર મલેશીયાના પ્રવાસે જઈ આવ્યા.

**જામનગર** : શ્રી નાગર મહીલા મંડળના ઉપક્રમે તા. ૫-૪-૨૦૧૪ના રોજ શ્રી હાટેશ્વર મંદીરના પરીસરમાં સંઘર્ષ કરી કુટુંબ તથા બાળકોની સામાજીક જવાબદારી નિભાવી સ્વમાનભેર જીવન જીવનાર જ્ઞાતિનો બહેનોને પ્રશસ્તિપત્ર તથા પુરસ્કાર સાથે સન્માનવાનો અનોખો કાર્યક્રમ યોજાય ગયો. કાર્યક્રમની શરૂઆતમાં પ્રો. ઉર્વીબેન મહેતા એ સ્વાગત પ્રવચન તથા અહેવાલ આપેલ. પ્રાસંગીક પ્રવચન જ્ઞાતિ પ્રમુખશ્રી અશોકભાઈ બુચે આપેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. ઉર્વીબેન મહેતા તથા શ્રીમતી નલીનીબેન માંકડે કર્યું હતું. આભાર વિધિ શ્રીમતી અંજનાબેન વસાવડાએ કરી હતી. કાર્યક્રમમાં જ્ઞાતિ વડીલો, દરેક સંસ્થાના પ્રમુખ હોદેદારો સહીત બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહયા હતા. કારોબારીની જહેમતથી અનેરો કાર્યક્રમ સફળ બની રહયો હતો.

- અત્રેના શ્રી અજય ઓઝા તથા હેમા ઓઝાના પુત્ર જ્વલંત ઓઝા ડી.ડી.આઇ.ટી.નડીયાદમાંથી બી.ટેક.(આઇટી.)માં ૮.૭ એસપી.સાથે ઉત્તીર્ણ થઈ કેમ્પસમાંથી પસંદગી પામી મૈસુર ખાતે ઈન્ફોસીસમાં જોડાયા. ચિ. જ્વલંત સ્વ. દિનકરરાય તથા ગં. સ્વ. કીર્તિદાબેન ઓઝાના પૌત્ર થાય.

**ભુજ :** શ્રી વડનગરા ના. મહિલા મંડળની વર્ષ ૨૦૧૪-૧૫ની બીનહરીફ વરણીમાં પ્રમુખ-બંસરીબેન ધોળકિયા, ઉપપ્રમુખ સ્મિતાબેન ધોળકિયા, મંત્રી તૃષાબેન વૈદ્ય, સહમંત્રી શ્રીમતી હર્ષાબેન પી. વૈશ્નવ, ખજાનચી જીજ્ઞાબેન અંજારીયા વરાયાં. ૧૫ કારોબારી સભ્યો તથા બે સલાહકાર સભ્યો નિયુકત થયા.

- હાટકેશ સિનિયર સીટીઝન્સ કલબના ઉપક્રમે ચૈત્રી નવરાત્રિની અષ્ટમીની સાંજે હાટકેશ મંદિર ખાતે યોજાયેલ બેઠા ગરબાનો બહોળી સંખ્યામાં બહેનોએ લાભ લીધો.
- શ્રી વ.ના.મંડળના ઉપક્રમે અંબાજી મંદિરમાં શ્રી જીતુભાઈ વોરાના આચાર્ય પદે ચૈત્રી નવરાત્રિ સ્થાપન કરવામાં આવેલ. રાત્રે શક્રાદય સ્તુતિ તેમજ નોમના હવન કરવામાં આવ્યું હતું.
- શ્રી ધ્રુવમ પરેશ વૈશ્નવ એમ.બી.એ.ના ૭મા સેમેસ્ટરમાં એ-ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયા.
- શ્રી દિવ્યાન્શુ ધોળકિયા સુખપર બ્રાન્ચમાં ઓફીસર તરીકે બઢતી પામ્યા.
- શ્રી કુશાગ્ર આર. વોરા બેંક ઓફ બરોડા મોરબી ખાતે ઓફીસર તરીકે બઢતી મેળવી.

**ભાવનગર :** શ્રી દિપકભાઈ કે. ઘોડાદ્રા તા. ૩૦/૪/૧૪ના રોજ જી.એ.સી.એલ. ભરૂચ માંથી વયમર્યાદાને કારણે નિવૃત્ત થયા.

 અત્રેના શ્રી રીતેન અંતાણી તથા લીના અંતાણીના પુત્ર ઝંકૃત ઓઝા ડી.ડી.આઇ.ટી.નડીયાદમાંથી બી.ટેક.(ઈ.સી.)માં ૯.૨ એસપી.સાથે ઉત્તીર્ણ થઈ કેમ્પસમાંથી પસંદગી પામી ઈન્ફોસીસમાં જોડાયા.ચિ. ઝંકૃત શ્રી મતીલાલ તથા દિનેશ્વરીબેન અંતાણીના પૌત્ર થાય.

**ખંભાળીયા :** અત્રેના બરછી તથા જ્ઞાતિના સેવાભાવી વડીલ શ્રી રજનીકાંત નવલશંકર બુચ અને શ્રીમતી કુંજલતાબેન ર. બુચના લગ્નજીવનને તા. ૨૧/૫/૧૪ના રોજ ૫૦ વર્ષ પૂર્ણ થતાં અને રજનીકાંત ભાઈને ૧૪/૫ના રોજ ૭૫ વર્ષ પૂરાં થતાં તેઓના નિવાસસ્થાને સ્થાનિક ભાઈઓ બહેનોના પરિવાર સાથે સંયુકત કુટુંબની ભાવના જીવંત રાખી ઉજવણી કાર્યક્રમ યોજયો હતો. જે અંતર્ગત ૧૪/૫ના રોજ હાટકેશ્વર મહાદેવના મંદિરમાં રૂદ્રાભિષેક બાદ સૌએ રસપુરીનું ભોજન આરોગેલ. સાંજે જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં સત્યનારાયણની કથા રાખવામાં આવી હતી અને રાત્રે કેક કર્ટીંગ ફૂલહાર સાથે સૌએ અભિનંદન શુભેચ્છા પાઠવી હતી. સૌના અભિવંદન.

 કુ. ફાલ્ગુની જલ્પેશ માંકડ એમ. કોમ.માં ઉતીર્ણ થયાં.

 વત્સલ એન. ઢેબર બી.એડ.માં ઉતીર્ણ

**મહુવા :** દેવાંશુ હરેશભાઈ મહેતા ધો. ૧૨ની પરીક્ષા આપ્યા પછી આધારકાર્ડની કોમ્પ્યુટર કામગીરીમાં જોડાયેલ.

**વડોદરા :** નાગર મહીલા મંડળ દ્વારા ૨૦૦૬ની સાલમાં અલ્કાપુરી વિસ્તારમાં નૂતનભારત સોસાયટી પ્લોટ ૪૫માં યોગીધારા ફલેટમાં ફલેટ ખરીદવામાં આવ્યો.આજે આઠ વર્ષથી જરૂરી સુવિધા સાથેનો આ ફલેટ અભ્યાસ કે નોકરી માટે આવતા જ્ઞાતિભાઈઓને રહેવા માટે આપવામાં આવે છે. જે માટે નિભાવ, લાઈટ બીલ, સફાઈ,ટેક્ષ જેવા ખર્ચને પહોંચી વળવા વ્યાજબી દર લેવામાં આવે છે. (મોટાં શહેરોમાં રહેવા માટેની આવી સવલત સેવાને બીરદાવવી ઘટે છે.) નાગર મહીલા મંડળની બીજી યાદી મુજબ ત્રણ વર્ષથી આવકમાંથી થતી બચત તેમજ અન્ય દાતાઓના સહયોગથી કન્યાઓને કોલેજ શિક્ષણ માટે શૈક્ષણિક સહાય આપવામાં આવે છે. આ વર્ષથી વિદ્યાર્થી ભાઈઓને પણ શૈક્ષણિક સહાય આપવાનું નકકી કરેલ છે. મોંઘા થઈ રહેલ શિક્ષણ માટે આર્થિક જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓ લાભ લેવા પ્રમુખ શ્રીમતી જયમનબેન ખારોડ ૨૩૯૨૭૨૮ કે શ્રીમતી નમ્રતાબેન છાયા ૨૭૮૨૦૨૪નો સંપર્ક સાધશો.

**અમદાવાદ :** નિહાર સુનીલ વછરાજાની (બી.ઇ.-મીકે.)ને સત્યમ કોમ્પ્યુટર (હૈદ્રાબાદ) તરફથી ૨૦૧૨ બેસ્ટ પરફોર્મન્સ તેમજ ૨૦૧૩માં બ્રીલીયન્ટ પરફોર્મન્સ એવોર્ડથી નવાજવામાં આવ્યા.

 નિશાંત હિરેન માંકડ સાણંદ ખાતેની ફોર્ડ ઇન્ડીયા પ્રા. લી.માં એસોસીએટ વ્હીકલ કવોલીટીમાં આસીસ્ટન્ટ તરીકે જોડાયા.

 પી.ડી.પી. યુનિવર્સિટી માં ગણિત શાખામાં આસી. પ્રોફેસર તરીકે કાર્યરત ડો. ભાષા હર્ષલ વછરાજાની ચિન્કારા યુનિવર્સિટી (હિ.પ્ર.) ખાતે મેથેમેટીકસ અને એન્જિનીયરીંગ સાયન્સીઝ અંગેના આંતરરાષ્ટ્રીય સેમીનારમાં ભાગ લઈ આવ્યાં.

**ભરૂચ :** ભાવનગરના અત્રે સ્થિત શ્રીમતી તમન્નાબેન ચિદામ્બરભાઈ મહેતાના પુત્ર ધ્રુવાંગ રશીયા ખાતે ૬ વર્ષ એમ.ડી. ફિઝીશ્યનનો અભ્યાસ પૂર્ણ કરી વડોદરા ખાતેની સયાજી હોસ્પિટલમાં ઈન્ટર્નશીપ કરવા જોડાયા છે. ચિ. ધ્રુવાંગ પ્રણાલીબેન બીપીનભાઈ મહેતાના પ્રપૌત્ર અને દક્ષાબેન દિવ્યકાંતભાઈ વૈદ્યના દોહિત્ર થાય.

## સગપણ-સગાઈ :

❁ ભાવનગર સ્થિત શ્રીમતી અર્ચનાબેન મલયભાઈ ઓઝાના પુત્ર ભૌમીકનું સગપણ ભાવનગર નિવાસી શ્રીમતી શાંભવીબેન કિરીટભાઈ ઓઝાનાં પુત્રી ભકિત સાથે. ❁ ભાવનગર સ્થિત મલય કુમાર કુલીનચંદ્ર ઓઝાના પુત્ર ભૌમિકનું સગપણ ભાવનગર સ્થિત કૈવલ્યભાઈ રાજેન્દ્રભાઈ ઓઝાનાં પુત્રી ભકિત સાથે.

❁ જુનાગઢ સ્થિત સૌ. બીનાબેન દેવાંગભાઈ નાણાવટીનાં પુત્રી જિનાનું સગપણ જુનાગઢ સ્થિત સૌ. કીર્તિબેન મુકેશભાઈ દેસાઈના પુત્ર મનન સાથે.

❁ જૂનાગઢનાં શિવાની રવિન્દ્રભાઈ વૈશ્નવનું સગપણ રાજકોટ સ્થિત નિમીત્ત નીરંજનભાઈ ધોળકિયા સાથે.

❁ રાજકોટ સ્થિત બીપિનભાઈ કિકાણીના પુત્ર મંથનનું સગપણ મુંબઈ નિવાસી શૈલેષભાઈ વૈષ્નવનાં પુત્રી ક્રિષ્ના સાથે.

❁ રાજકોટ સ્થિત કશ્યપ ચંદુલાલ (કે.સી.)ધોળકીયાનાં પુત્રી ડો. સ્પૃહાનું સગપણ રાજકોટ સ્થિત દિનેશભાઈ હાથીના પુત્ર ડો. વર્ષિત સાથે.

❁ ધ્વની અતુલભાઈ વસાવડાનું સગપણ ગાંધીનગર સિથત જય નિલેન્દુભાઈ વોરા સાથે.

❁ ભરૂચ સ્થિત શ્રીમતી વિદુમા અમીષ ધોળકીયાનાં પુત્રી શ્રેયાનું સગપણ અમદાવાદ સ્થિત શ્રીમતી હરીષાબેન દેવાંગ મહેતાના પુત્ર જિતજ્ઞ સાથે.

❁ ગાંધીનગર સ્થિત શ્રી કશ્યપ મહેતાનાં પુત્રી મુદ્રિકાનું સગપણ અમદાવાદ સ્થિત શ્રી દુષ્યંત બુચના પુત્ર ભવ્ય સાથે. ❁ ગાંધીનગર સ્થિત ધ્વનિ અતુલભાઈ વસાવડાનું સગપણ ગાંધીનગરના જય નિલેન્દુભાઈ વોરા સાથે. ❁ ગાંધીનગર સ્થિત કૃતાર્થ જયંતભાઈ બુચનું સગપણ કોષા જયદીપભાઈ નાણાવટી સાથે. ❁ જામનગરના હાર્દિક ગીરીશકુમાર વોરાનું સગપણ પોરબંદરનાં પૂજા હિમાંશુ ભાઈ દેસાઈ સાથે. ❁ જામનગર સ્થિત શૈલેષભાઈ ધનવંતરાય સ્વાદિયાના પુત્ર મોહિતનું સગપણ મુંબઈ સ્થિત ધનંજયભાઈ પુંડરીકરાય વસાવડાનાં પુત્રી ઉન્નતી સાથે.

જામખંભાળીયા સ્થિત હર્ષવદન અનંતરાય ઢેબર તથા શ્રીમતી વિલાસબેન ઢેબરનાં પુત્રી સ્તુતિનું સગપણ રાજકોટ નિવાસી જગદીપભાઈ ગુણવંતરાય રીંડાણી તથા આશાબેન રીંડાણીના પુત્ર હર્ષ સાથે.

## શુભ લગ્નમ્ :

❁ રાજકોટ સ્થિત સૌ. હેમાક્ષીબેન તથા હિમાંશુભાઈ જમીયતરાય રાણાના પુત્ર પ્રણિતના લગ્ન રાજકોટ સ્થિત સૌ. દર્શનાબેન તથા અજયભાઈ અશ્વનીકુમાર વૈષ્ણવનાં પુત્રી કિન્નરી સાથે.

❁ જૂનાગઢ સ્થિત નવિનચંદ્ર છાયાના પુત્ર ધૈવતના લગ્ન જૂનાગઢ નિવાસી ધૂમકેતુભાઈ વોરાનાં પુત્રી ધ્રુવિકા સાથે.

❁ પોરબંદર નિવાસી કલ્પનાબેન તથા ભદ્રકાંત અવંતીલાલ વૈદ્યના પુત્ર હાર્દિકના લગ્ન ખંભાળીયા નિવાસી સૌ. પ્રજ્ઞાબેન તથા ગજેન્દ્રભાઈ કુસુમરાય છાયાનાં પુત્રી અપેક્ષા સાથે.

**ધો. ૧૦ ગણિત, વિજ્ઞાન, અંગ્રેજીના ટ્યુશન માટે મળો મૌલેશ બક્ષી – મો. ૯૨૨૮૩૦૯૦૫૫**
(૩૦ વર્ષનો શિક્ષણ અનુભવ – જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે શિક્ષણ)
મળો : હર્ષ મંગલ, ૧ કલ્યાણ સોસાયટી, ૧૫ મનહર પ્લોટ, રાજકોટ

# શું નાગરોને નજર લાગી....મનોમંથન-મંતવ્ય

- જેમ નવજાત કળીને નાના છોડને પોતાના ઉપવનમાં હુંફ નો તડકો, સમજદારીનું જળ અને લાગણીનું ખાતર પરિપૂર્ણ રીતે પ્રાપ્ત ન થાય તો તે ફુલે ફાલે નહીં તેવી જ રીતે કુટુંબમાં અભ્યાસ કરતા બાળકને નાનપણથી જ યોગ્ય વાતાવરણ, નિયમીતતા વિષયોનું તલસ્પર્શી જ્ઞાન અને વડીલોની કેળવણી ન મળે તો બોર્ડમાં પરીણામમાં નંબર આવતો નથી. બીજું અગાઉના વખતમાં ટયુશન કલાસ ન હતા. નિશાળમાં જે અભ્યાસ કરાવવામાં આવતો તે ચોપડીની અંદરથી થતો અને શિક્ષકો પણ સંપૂર્ણપણે વિદ્યાર્થીઓને તેમનું યોગદાન આપતા. અત્યારે એક ટયુશન કલાસમાંથી બીજા કલાસમાં, તેમાં વાંચવાનો પૂરતો સમય જ નથી મળતો. આ બધા પરીબળોને કારણે ઈચ્છિત પરીણામ આવતું નથી... પુરુષાર્થ સાથે પ્રારબ્ધ પણ કંઈક અંશે જવાબદાર ગણાય !

- બીજું અવલોકન અન્ય જ્ઞાતિના લગ્ન માટેનું છે. તો માતા-પિતાને પોતાના સંતાનોની યોગ્ય ઉંમર જ દેખાતી નથી. કન્યાની ઉંમર ૨૨-૨૩ આસપાસની થાય ત્યારે વાત શરૂ કરી દેવી જોઈએ. આ તો મા-બાપ જ કહે છે હજીવાર છે અગાઉના જમાનામાં દીકરી-દીકરાને પૂછવામાં ન આવતું સીધું જ કહી દેવાતું કે આ કન્યા કે આ છોકરા માટે તારી વાત ચાલે છે ગ્રહ વિ.ની વિધિ પતી ગઈ છે. તારી ત્યાં સગાઈ કરવા માટે છોકરો કે છોકરી જોવા જવાનું છે.અત્યારે તો માતા-પિતા તેના સંતાનોને પૂછે, ડિગ્રી અને આવક(પેકેજ) પૂછાય પછી જ વાત થાય. આમાં સમય સરી જાય. સાથે દશ કલાક કામ કરતાં આંખ મળી જતાં નાગરના સારા કુટુંબની દીકરી-દીકરા બીજી જ્ઞાતિમાં જતા રહે છે.

**સળગતી સમસ્યા-છુટાછેડા :**

-પતિ પત્ની રથના બે પૈડા સમાન છે... જો બે માંથી એક પૈડામાં કશુંક પણ ખૂટતું હોય તો જીવનરથની ગાડી ચાલી ન શકે. જો સમજણપૂર્વક કામ લે તો ચોકકસ જીવનરથ આગળ ચાલે. સ્ત્રી પછી તે મા બહેન નણંદ ભોજાઈ પત્ની કે સાસુ આખરે તો સ્ત્રી જ છે. દીકરીની માતા ઉપર પણ ઘણો ખરો આધાર રહે છે. જયારે દીકરી સાસરે જાય છે ત્યારે તે પતિની સાથોસાથ પતિના દરેક સંબંધોને પણ અપનાવે છે. આપણે જેને પ્રેમ કરીએ તેની સારી-ખરાબ દરેક બાબતો આપણે સ્વીકારવાની હોય છે એટલે કે તેને અનુકુળ થવું પડે છે. એકબીજાને અનુકુળ થવાથી કડવાશની પળો ઘટે છે. કોઈનો દોષ જોતા પહેલા પોતાનામાં રહેલી ખામી જુઓ... બધા જ કોઈ સર્વગુણ સંપન્ન તો નથી જ.

- જો વહુ નોકરી કરતી આવતી હોય તો સાસુએ ધીરે ધીરે ઘરની જવાબદારી સોપવી જોઈએ. સામે પક્ષે વહુએ પણ સમય મળે અમુક કામમાં રસ લઈ જવાબદારી સ્વીકારી લેવી જોઈએ. અત્યારની આવનાર વહુને રસોડાંમાં જવાનો કંટાળો આવતો હોય તો સાસુએ સમજદારીપૂર્વક થોડું કામ નોકર પાસે કરાવી લેવાય, તેમ વહુ તગડો પગાર લાવે તો ભલેને નોકર બાઈ રાખી લે. જેથી ઘરકામ માટે ઝઘડો જ ન થાય. આમ તો એકલા રહેતા પતિ-પત્ની ને આ નોબત આવતી જ નથી પણ જયારે દીકરો છે તો માતા-પિતા કોઈવાર આવે તો મોં બગાડવું જોઈએ નહીં. નાની નાની વાતો કયારે મોટું સ્વરૂપ લઈ લે છે તે ખબર નથી પડતી.

-સ્ત્રી પોતાની આવડતના આધારે ઘર બાંધી કે તોડી શકે છે. દીકરો માનું માનશે તો પત્નીને દુ:ખ અને પત્નીનું માનશે તો મા ને દુ:ખ આવી કોઈ જાતની પરિસ્થિતિ ન ઉભી થાય તેવી આવડત પરમેશ્વરે ફકત સ્ત્રીઓને જ આપી છે. તેથી જ તો લગ્નજીવનને ટકાવી રાખવા, હર્યુભર્યુ રાખવાની

આધારશિલા સ્ત્રી ઉપર જ રહે છે. આજ કાલ ટીવી મોબાઈલ ઈન્ટરનેટના અતિરેકને કારણે પતિ પત્નીના સંબંધોમાં ઘણીવાર કડવાશ ઉભી થાય છે. બધું જ મર્યાદામાં રહીને કરીએ તો છુટાછેડાની નોબત જ ન આવે. સમય પ્રમાણે કુટુંબના સભ્યોને 'બ્રોડ માઈનેન્ડ' થવાની જરૂર છે,કારણ નોકરી કરતી વહુ ઓફીસમાં સહકર્મચારી સાથે નિખાલસતાથી મર્યાદામાં રહીને વાત કરે તો થોડી છુટછાટ આપવી જોઈએ. દીકરી કે દીકરો જો બીજી જ્ઞાતિમાં લગ્ન કરવા ઈચ્છતા હોય છતાં મા-પિતા તેનો ઢાંક પીછોડો કરી નાગરમાં પરણાવવાના મોહે ચાર જિંદગી બરબાદ કરે છે. એકબીજા પક્ષે એટલી હદે કાદવ ઉછાળે છે કે નાગરના સંસ્કાર લજવે છે. અંતે લગ્ન પછી બદનામ થઈને છેવટે છુટાછેડા, વકીલ, કોર્ટના ચકકર, સમય અને નાણાનો વ્યય થાય છે.

– કુટુંબમાં પરસ્પર લાગણી તો હોય જ એક મા ના કૂખેથી જન્મેલા સંતાનો સ્નેહથી સભર જ હોય છે પણ કોઈ બોલીને વ્યકત કરતું નથી એક વખત એક શરૂઆત કરીને બોલશે તો સામેની વ્યકિતનું હૃદય પીગળી જશે. પણ એવું થાય નહી ત્યારે સંપ રહેતો નથી. આ મુદો અગત્યનો છે.... ચાલશે ફાવશે અને ગમશે. જો આ ત્રણે બાબત એકબીજા જીવનમાં ઉતારશે તો કોઈ અઘટિત ઘટના બનશે જ નહી, એકતા જળવાઈ રહેશે. વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના જળવાઈ રહેશે.

– મમતા ઢેબર, રાજકોટ.

## અનંતના યાત્રીઓ :

શ્રીમતી માયાબેન ચંદ્રશેખરભાઈ વસાવડા – ૭૬ વર્ષ – અમદાવાદ
શ્રીમતી વીણાબેન જીતેન્દ્રરાય વસાવડા – ૮૦ વર્ષ – અમદાવાદ
શ્રીમતી નંદારીકાબેન યોગેશભાઈ નાણાવટી ૭૪ વર્ષ – અમદાવાદ
શ્રીમતી હેમાબેન(હંસા)મધુકરભાઈ વસાવડા – અમદાવાદ
શ્રીમતી કૌશલ્યાબેન(કલ્પના)મુકિતશંકર દેસાઈ – ૭૬ વર્ષ અમદાવાદ
(ગતાંકમાં અટક ઓઝા છપાયેલ-દરગુજર)
શ્રીમતી ગીતાબેન જયમંગલભાઈ ઓઝા – જૂનાગઢ
શ્રીમતી ભાર્ગવીબેન દિલીપભાઈ બુચ – ભાવનગર
શ્રીમતી સુધાબેન પ્રવિણચંદ્ર છાયા – ૮૪ વર્ષ – રાજકોટ
શ્રીમતી મંજુલાબેન શશીકાંત(વાલાભાઈ) છાયા-માંગરોળ
શ્રીમતી શૈલાબેન વિભાકર દેસાઈ – ૫૭ વર્ષ – ભાવનગર
શ્રીમતી ઈલાબેન મુકુલચંદ્ર છાયા – ૭૨ વર્ષ – ભાવનગર
ગં. સ્વ. શારદાબેન અજીતરાય વસાવડા – ૮૬ વર્ષ – રાજકોટ
ગં. સ્વ. શોભનાબેન સુરેન્દ્રભાઈ બુચ – ૮૬ વર્ષ-રાજકોટ
શોભનાબેન(સુરીબેન)કિરીટપ્રસાદ વૈશ્નવ -૮૩ વર્ષ-રાજકોટ
શ્રીમતી ઉષાબેન મધુકાંત વોરા – ૭૧ વર્ષ – ભુજ
શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર અંતાણી – ૭૦ વર્ષ – ભુજ
હર્ષદરાય કાંતીલાલ દેસાઈ – ૭૬ વર્ષ – જૂનાગઢ
પ્રદ્યુમ્નરાય ચુનીલાલ માન્કર – ૧૦૦ વર્ષ – વડોદરા
કુમુદચંદ્ર ધર્મસુખરાય વસાવડા – ૭૧ વર્ષ – જૂનાગઢ
રામપ્રસાદ વ્રજલાલ વોરા – ૭૪ વર્ષ – અંજાર

## હાઈકુ કાવ્યો

૧ માચીસ બોક્ષ-
-જેવા ફલેટઃ આપણે
સૌ દીવાસળી

૨ એપ્રિલ ફુલ
ભારતની પ્રજા તો
રોજ બને છે

૩ સંતાકુકડી
પ્રભુ રોજ, રમે છે
આપણી સાથે

૪ મેઘ ગગડયા
મોર ગેહકયા યાદ
– તૂજ કંઠની

૫ વિધિની લેખ,
પત્તાની બાજી રમો
જેવું નસીબ

૬ માનવ મન (અને)
સાગરના તળીયા
કેવા ગહન

– પરેશ વોરા, રાજકોટ

જય હાટકેશ, ઈતર જ્ઞાતિમાં લગ્ન વિશેનો આ પ્રશ્ન ઘણા સમયથી ઉદભવેલો છે. આ માટે બદલાયેલ જમાનો, માતા-પિતાનો ઉછેર તેમ જ આપવામાં આવેલ સંસ્કાર, તેમ જ સંતાનની પોતાની વિચાર શૈલી ઘણી જ જવાબદાર છે. અગાઉ નાગર-બ્રાહ્મણ એ નાગરની પેટા જ્ઞાતિ કહેવાતી. આ બંન્ને જ્ઞાતિમાં સંબંધ બંધાય તેવું ઓછું જોવા મળતું. અલબત તેઓ પણ નાગર જેટલા અને કદાચ ધાર્મિક દ્રષ્ટિએ વધુ વિદ્વાન હતા આજે આ ભેદ રહયો નથી અને બંન્ને જ્ઞાતિ અરસપરસ વૈવાહીક સંબંધ બાંધે છે. રહીવાત અન્ય જ્ઞાતિની . આ પ્રશ્નની શરૂઆત તો ઘણા સમયથી થઈ ગઈ હતી હવે પ્રશ્ને ગંભીર સ્વરૂપ પકડી લીધું છે. અહીં એક વાત પ્રસ્તુત કરવામાં આવી છે કે અભ્યાસ અને નોકરી અર્થે બહાર જવાનું વધ્યું છે જેને લીધે અન્ય સાથે સંપર્કમાં આવતા આવું બને છે, પરંતુ અગાઉ પણ લોકો અભ્યાસ અને નોકરી અર્થે બહાર જતા જ. જેનું એક ઉદાહરણ આપું તો ડો. હિરાલાલ કેશવલાલ નાણાવટી કે જેઓ મેડીકલના અભ્યાસ અર્થે વિદેશ ગયેલ. પરંતુ તેઓ તથા તેમની પેઢીઓમાં કયાંય ઈતર જ્ઞાતિમાં લગ્ન થયેલ જોવા મળ્યાં નથી. આ માટે માતા-પિતાના સંસ્કાર ઉપરાંત સંતાનોની મિત્રો સાથેની સંગત ઘણો ભાગ ભજવે છે.

બીજું બાળકોને મોબાઈલ લઈ આપતા મા-પિતાને એ ખબર નથી હોતી કે બાળકો તેઓ ઉપયોગ કયાં અને કેવી રીતે કરે છે ? સંતાનને દુઃખ થાય એ ડર થી તેઓ કયારેય મોબાઈલ ચેક નથી કરતા. આ બાબતની શરૂઆત જ મોબાઈલથી થાય છે ત્યારબાદ નેટ પર ચેટિંગ ચાલુ થાય છે. જયારે માતા-પિતાને આ વાતની ખબર પડે ત્યારે કાં તો તેમને સંતાન પર વધુ પડતો વિશ્વાસ હોય છે, અથવા તો ઘણું મોડું થઈ ચુકયું હોય છે. બાદમાં સમાજના ડરથી સંતાન સાથે સંબંધ કાપી નાખે છે. પરંતુ " લાગણી" નામનું તત્વ આગળ જતાં તેનો ભાગ ભજવે છે અને સંતાને કરેલ લગ્નનો સ્વીકાર તેઓ કરી લે છે. જે મોટામાં મોટી ભૂલ છે. સંતાન નજર સમક્ષ અભ્યાસ કરે કે નોકરી કરે તો પણ આ પ્રશ્ન તો ઉદભવે છે અને આગળ જતાં પણ ઉદભવશે જ. કારણ સંતાનો માતા-પિતાનો ઠપકો સહન નથી કરી શકતા, આ માટે થોડે ઘણે અંશે સંતાનનો ઉછેર , તેમની સ્વતંત્રતા ભરેલી રહેણીકરણી જવાબદાર છે તેમ નથી લાગતું?

અંતમાં એમ કહેવાનું મન થાય કે કલ્પના પણ કરી ન કરી શકાય તેવી જ્ઞાતિમાં આપણા સંતાનો જયારે લગ્ન કરે ત્યારે એમ થાય કે પૂ. મહેતાજીના એકોતેર પેઢીના પૂણ્ય પૂરાં થઈ ગયાં અને આપણો સમાવેશ બોતેરમી પેઢીમાં થઈ ગયો? આશા રાખીએ પ્રત્યક્ષ નહી પણ પરોક્ષ રીતે એટલે કે સ્વર્ગમાંથી મહેતાજી અને આપણા ધુરંધર વડીલોના આર્શીવાદથી આ પ્રશ્ન આટલેથી જ અટકી જાય. અને સંતાનોને ઈશ્વર સારી દીશાએ વાળે તેવી પ્રાર્થના. અસ્તુ.

– શ્રીમતી પન્ના એચ વસાવડા, જુનાગઢ

**નોંધ :** ખુશીની વાત છે કે સમય સમય પ્રમાણે જ્ઞાતિજનો લિખિત પુસ્તકો બરછીને 'રીવ્યુ' માટે મળતાં રહે છે....દરેક પુસ્તકનું વાંચન કરી, રીવ્યુ લખવા શકય નથી બનતા તેથી પોતાના <u>પુસ્તક સાથે અવલોકન (રીવ્યુ)</u> લખી/લખાવી કાર્યાલયે મોકલી આપવા વિનંતી છે, જેથી સમયસર પ્રકાશિત થઇ શકે. (૨) અંક ન મળે કે સરનામામાં ફેરફાર થયે SMS કરવા વિનંતી.જેથી યોગ્ય કાર્યવાહી કરવી રહી ન જાય. -તંત્રી


## ટયુશન જાહેરાત (વિના મૂલ્યે)

શિક્ષણમાં ૧૪ વર્ષનો અનુભવ ધરાવતા કશ્યપ પોટા રાજકોટ ખાતે ધો. ૧૧-૧૨ બધાજ બોર્ડના ઈંગ્લીશ મીડિયમ બાયોલોજી વિષયના ટયુશન આપી રહયા છે. સંપર્ક : ૯૪૨૮૨ ૦૨૦૪૪

## ટયુશન જાહેરાત (વિના મૂલ્યે)

શિક્ષણમાં ૩૫ વર્ષનો અનુભવ ધરાવતાં નીના કશ્યપ પોટા રાજકોટ ખાતે ધો. ૧૧-૧૨ ગુજરાતી મીડિયમ જીવવિજ્ઞાન વિષયના ટયુશન આપી રહયાં છે. સંપર્ક : ૯૪૨૮૨ ૫૧૦૩૫

**આપના ઘર કે ઓફીસને કલરકામ કરાવી આકર્ષક રૂપરંગ આપો..**

નવા તથા જૂના ઘરને...

- ✪ કલરકામ
- ✪ રીનોવેશન
- ✪ વોટરપ્રુફીંગ
- ✪ સ્પેશ્યલ કોટીંગ કલરથી

આકર્ષક અને ટકાઉ બનાવવા માંગતા હો તો એકવાર અમારો સંપર્ક અવશ્ય કરશો..

- ✪ બજારભાવ કરતાં વ્યાજબી ભાવની ખાત્રી...

**જયેશ વસાવડા - અમેરીકન કલર**

**મો. ૯૮૯૮૧૭૦૮૧૩ / ૯૦૬૭૪૯૩૧૧૭**



**પરણે દિકરી વ્હાલી...**

**શરણાઈથી વિદાઈ સુધી...**

Ahmedabad | Vadodara | Rajkot | Gandhidham

Concept Wedding Planner ✦ DJ & Music ✦ Food & Catering ✦ Theme Decoration ✦ Mehndi ✦ Doli & Baggi ✦ Dance Group Artist ✦ LED Video Screen ✦ Photo & Video Shooting

**Concept Wedding Planner**

Pallav Devendrabhai Mankad

Cell: 9624889707

UNLIMITED SOURCE

Making Dream Wedding Comes True

**Unlimited Source**

www.unlimitedsource.in

Gayatri Nagar 2, Hasanwadi, "Shri Ramkrupa" Rajkot - Gujarat - India

Email: unlimitedsource2010@gmail.com, kssource@gmail.com

# ABM TRAVELS

**Honeymoon tours :**

Kerala/Rajasthan/Himachal/Goa
Mauritius/Maldives//Bali/Sri Lanka
Langkavi-Penang/Phuket-Krebi-Samui
Mountain Resort
Nainital-Mussoorie/Darjeeling-Gangatok
Ooty-Kodaikanal/Mt.Abu/Leh-Ladakh

**Wildlife Tours :**

Sasan Gir/Ranthanbore/Sarisca/Corbett/
Kaziranga/Kanha-Bandhavgarh/Madumalai
Bandipur/Coorg/Kabini

**Pilgrims :**

CharDham/ Amarnath/Kailas-Mansarovar
Vaishnodevi/Tirupati/Ashta Vinayak
Panch Jyotirlings/Shirdi-Shinganapur

**Cruise tours :**

STAR cruise: MSC cruise Royal Caribbean : Coast a

**Booking of International destinations :**

SOTC # THOMAS COOK # COX & KING
STAR TOURS # NEEM Holidays # KESARI

**Avinash Mehta, Mumbai # 09820817318**

**abmtravels@gmail.com**

નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર **સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ** ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં, સિદ્ધપુર. ફોન : ૨૭૬૭-૨૨૧૯૩૫

**KALAM KADCHHI BARCHHI-GRJ-23**

**Registration Valid upto 31-12-2011**

**If not delivered Pl. return to :**

Barchhi Karyalaya,Kotechanagar Main Rd,
Rajkot - 360 001..

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા

મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોનઃ ૨૪૫૩૦૬૩